# મોટા વરાછામાં ફોરેક્સ ટ્રેડિંગના નામે 2.05 કરોડનો ચૂનો ચોપડ્યો

**13 રોકાણકારોના પૈસા લઈ મેરેડિયન બિઝનેસ સેન્ટરમાં ઓફિસને તાળા મારી સોલંકી પરિવારના ચાર ઠગબાજ ફરાર**

સુરત : શહેરમાં ઊંચા વળતરની લાલચ આપી નિર્દોષ રોકાણકારોને કંગાળ કરતી ટોળકીઓ ફરી એકવાર સક્રિય થઈ છે. મોટા વરાછાના લજામણી ચોક પાસે આવેલા મેરેડિયન બિઝનેસ સેન્ટરમાં 'એપિક ઇનોવેશન' નામની પેઢી ખોલી ફોરેક્સ ટ્રેડિંગના ઓઠા હેઠળ સોલંકી પરિવાર સહિત ચાર શખ્સોએ કુલ 13 લોકો પાસેથી રૂપિયા 2.05 કરોડ પડાવી ઓફિસને તાળા મારી રફુચક્કર થઈ જતા ચકચાર મચી ગઈ છે. આ મામલે ઉત્રાણ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ આર્થિક ગુના નિવારણ શાખા (ઇકો સેલ) ને સોંપી છે.

ડભોલી ચાર રસ્તા સ્વામિનારાયણ નગર ખાતે રહેતા ફરિયાદી અનિલભાઈ બલરના જણાવ્યા મુજબ, આરોપી અશોક સોલંકી, તેનો પુત્ર જય, પત્ની જ્યોતિ અને ઋષિ પટેલે પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. તેઓએ આલીશાન ઓફિસમાં રોકાણકારોને બોલાવી ફોરેક્સ માર્કેટમાં રોકાણ કરવાથી દર મહિને 4 થી 5 ટકા ફિક્સ નફો મળશે તેવું લલચામણું પ્રેઝન્ટેશન આપ્યું હતું. શરૂઆતમાં નાના વળતર આપી વિશ્વાસ જીત્યા બાદ અનિલભાઈ પાસેથી રૂપિયા 35 લાખ અને અન્ય 12 રોકાણકારો પાસેથી રૂપિયા 1.70 કરોડ મેળવી લીધા હતા. જ્યારે રોકાણકારોએ પોતાનો નફો કે મુદલ રકમ પરત માંગી ત્યારે સોલંકી પરિવારે ગલ્લાતલ્લાં શરૂ કર્યા હતા. આખરે આરોપીઓ રાતોરાત ઓફિસ બંધ કરી ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.

### જટિલ ગણતરી બતાવી શીશામાં ઉતારતા

આરોપીઓએ 'એપિક ઇનોવેશન એલ.એલ.પી.' નામની રજિસ્ટર્ડ જેવી લાગતી પેઢી બનાવી હતી. તેઓ ટાર્ગેટ કરેલા લોકોને પોતાની ઓફિસે બોલાવી ટેક્નિકલ ચાર્ટ્સ અને ફોરેક્સ ટ્રેડિંગના જટિલ ગણિત સમજાવી પ્રભાવિત કરતા હતા. રોકાણકારોને એવો ભરોસો અપાયો હતો કે તેમના નાણાં સુરક્ષિત છે અને શેરબજાર કરતા ફોરેક્સમાં વધુ વળતર છે. વિશ્વાસ બેસાડવા માટે પ્રથમ બે-ત્રણ મહિના નિયમિત વળતર પણ ચૂકવ્યું હતું, જેથી રોકાણકારોએ પોતાના મિત્રો અને સગા-સંબંધીઓના નાણાં પણ આ સ્કીમમાં રોકાવ્યા હતા. એકવાર મોટી રકમ હાથમાં આવી જતા જ આરોપીઓએ પોતાનો અસલી મિજાજ બતાવી ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા.

### પાસોદરાનો સોલંકી પરિવાર તપાસના ઘેરામાં

આ છેતરપિંડીના મુખ્ય સૂત્રધાર તરીકે કામરેજના પાસોદરા પાટીયા પાસે આવેલી સ્ટાર ઇર્મ રેસિડેન્સીમાં રહેતા અશોક મુળજીભાઈ સોલંકીનું નામ સામે આવ્યું છે. આ કૌભાંડમાં અશોકની સાથે તેની પત્ની જ્યોતિબેન અને પુત્ર જય સોલંકી પણ સક્રિય રીતે સામેલ હતા. પરિવારના ત્રણેય સભ્યો રોકાણકારો સાથે મીઠી-મીઠી વાતો કરી નાણાં પડાવવામાં માહેર હતા. તેમની સાથે ચોથા સાગરીત તરીકે ઋષિ સુરેશભાઈ પટેલની પણ સંડોવણી બહાર આવી છે. હાલમાં આ ચારેય આરોપીઓ પોલીસ પકડથી દૂર છે, પરંતુ ઇકો સેલ તેમના બેંક એકાઉન્ટ્સ અને મિલકતોની વિગતો મેળવી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ડિજિટલ રોકાણમાં ઠગ આરોપીના જામીન નામંજૂર

**1.90 લાખ રોકાણકારો પાસેથી 5 કરોડથી વધુની રકમ એકત્ર કરી મોજશોખમાં ઉડાવી**

સુરત: ટ્રોન-૨૪ ક્લાઉડ માઈનિંગ નામની સ્કીમ બનાવી પાંચ કરોડ રૂપિયા ઉચેટી છેતરપિંડી કેસમાં પંજાબના આરોપી શંકરલાલ મોહનલાલ કુમ્હારની જામીન અરજી મુખ્ય ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ ફગાવી દીધી હતી.

આરોપી સહિતનાએ ગુનાહિત કાવતરું રચીને ટ્રોન-૨૪ ક્લાઉડ માઈનિંગ નામની ડિજિટલ રોકાણ સ્કીમ શરૂ કરી હતી. રોકાણ પર ઊંચા નફાની લાલચ આપીને લોકોનો વિશ્વાસ જીતવા શરૂઆતમાં રીફંડ આપવામાં આવતું હતું. ત્યારબાદ વધુ રોકાણ કરાવી એપ્લિકેશન અચાનક બંધ કરી દેતાં રોકાણકારો સાથે છેતરપિંડી થઈ હતી. અંદાજે ૧.૯૦ લાખ જેટલા રોકાણકારોએ ટ્રોન વોલેટ મારફતે રોકાણ કર્યું હતું અને કુલ મળીને પાંચ કરોડથી વધુ રકમ એકત્રિત થઈ હતી. આ અંગેની ફરિયાદ સરથાણા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. પોલીસ તપાસ દરમિયાન આરોપીઓએ રોકાણકારોના પૈસા ભારતીય કરન્સીમાં ફેરવી બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

જેમાંથી આશરે ૮૦ લાખ રકમ આરોપીના બેંક ખાતામાં ટ્રાન્સફર થયાની વિગતો બહાર આવી હતી. આ પૈસાથી આરોપીએ સ્કોર્પિયો કાર, જમીન, સોનું, આઈફોન અને એપલ લેપટોપ ખરીદ્યા તેમજ મકાનનું રિનોવેશન અને પ્રવાસ કર્યા હોવાનું પણ તપાસમાં ખુલ્યું હતું. આરોપી શંકરલાલ આ કેસમાં જામીન પર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ રાજેશ ડોબરીયાએ જામીન અરજીનો વિરોધ કરી દલીલ કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# 15 હજારથી વધુ EVM કડક સુરક્ષા વચ્ચે સ્ટ્રોંગ રૂમમાં

**ત્રિસ્તરીય સુરક્ષા: CCTV અને પોલીસ બંદોબસ્ત સાથે સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ સીલ**

**25 એપ્રિલે પ્રિસાઈડિંગ ઓફિસરોને વિતરણ, ચોક્કસ રૂટ મેપ સાથે ટીમો રવાના થશે**

સુરત : સુરતમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રે તૈયારીઓને અંતિમ આકાર આપી દીધો છે. ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા જળવાઈ રહે તે માટે EVM નું સીલિંગ કાર્ય કડક નિયમો અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન અપાયું હતું.

ચૂંટણી માટે કુલ 9000થી વધુ બેલેટ યુનિટ અને 6000થી વધુ કંટ્રોલ યુનિટ તૈયાર રાખવામાં આવ્યા છે. દરેક મશીનમાં ઉમેદવારોની માહિતી ચોકસાઈથી ગોઠવીને તેને પિંક પેપર સીલથી સીલ કરવામાં આવી છે. હવે આ મશીનોને મતદાન મથકો સુધી પહોંચાડવા માટે આયોજનબદ્ધ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. સીલિંગ બાદ તમામ EVM મશીનોને હાઈ સિક્યોરિટી સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. અહીં 24 કલાક સશસ્ત્ર પોલીસ તહેનાત છે અને CCTV દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. મતદાનના દિવસ પહેલાં સુધી આ મશીનો કડક સુરક્ષા હેઠળ જ રહેશે. 25મી એપ્રિલે પ્રિસાઈડિંગ ઓફિસરોને મશીનો સોંપવામાં આવશે. દરેક ટીમને ચોક્કસ રૂટ મેપ આપવામાં આવ્યો છે જેથી મશીનો સમયસર અને સુરક્ષિત રીતે મતદાન મથક સુધી પહોંચે. ત્યાં પહોંચ્યા બાદ ફરી એકવાર મશીનોની ચકાસણી કરવામાં આવશે.

### 15% રિઝર્વ મશીનો: ટેક્નિકલ ખામી સામે ઝડપી ઉકેલ

મતદાન દરમિયાન કોઈ ટેક્નિકલ ખામી સર્જાય તો તરત જ મશીન બદલવા માટે 15 ટકા EVM વધારાના રાખવામાં આવ્યા છે. સેક્ટર અધિકારીઓ પાસે આ રિઝર્વ મશીનો ઉપલબ્ધ રહેશે, જેથી મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ ન પડે.

### મતદાન પહેલાં મોક પોલ કરાશે

મતદાન શરૂ થાય તે પહેલાં 'મોક પોલ'યોજાશે, જેમાં રાજકીય પક્ષોના એજન્ટોની હાજરીમાં મશીનની ચકાસણી થશે. આ પ્રક્રિયા મતદારો અને પક્ષો વચ્ચે વિશ્વાસ વધારવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે.

# અમદાવાદની વધુ એક શાળામાં વિદ્યાર્થી પર હિંસક હુમલાની ઘટના

**ઈસનપુર** પબ્લિક સ્કૂલમાં પરીક્ષા બાદ થયેલી બોલાચાલી હુમલામાં ફેરવાઈ, મિત્રને બચાવવા પડેલા વિદ્યાર્થીને પરિકર વાગતાં દ્રષ્ટિ ગુમાવવાનો ભય

અમદાવાદ: અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં આવેલી ઈસનપુર પબ્લિક સ્કૂલમાં ધોરણ-8ના વિદ્યાર્થી પર અન્ય વિદ્યાર્થી દ્વારા કરાયેલા હુમલાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. .

આ અંગે માહિતી મુજબ ઈસનપુર વિસ્તારમાં આવેલી ઈસનપુર પબ્લિક સ્કૂલમાં ગઈકાલે સોમવારે સવારે આશરે 11:30 વાગ્યે પેપર પૂર્ણ થયા બાદ ધોરણ-8માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો. આ દરમિયાન ત્રીજો વિદ્યાર્થી મિત્રને બચાવવા વચ્ચે પડતા ઉશ્કેરાયેલા વિદ્યાર્થીએ પરિકર વડે હુમલો કરતાં તે વિદ્યાર્થીની આંખમાં ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાના કારણે તેને દેખાતું બંધ થઈ ગયું હોવાનું જણાવાયું છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

નારોલ પોલીસ તાત્કાલિક શાળાએ પહોંચી હતી અને મામલાની તપાસ હાથ ધરી છે. પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ઘટનાએ શહેરમાં શાળાઓની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. માતા-પિતા અને સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. નોંધનીય છે કે, અગાઉ પણ અમદાવાદની સેવન્થ- ડે શાળામાં થયેલી હિંસક ઘટનામાં વિદ્યાર્થીના મોતની ઘટના સામે આવી હતી.

# દાહોદના અભલોદમાં 200થી વધુને ફૂડ પોઈઝનિંગ, કેન્દ્રએ રિપોર્ટ માંગ્યો

**ગામમાં** લગ્ન હતા અને તેમાં 400 મહેમાનોએ કેરીના રસ સહિતનું ભોજન લીધું હતું

**જેમાંથી** 230એ ઝાડા-ઊલટી અને પેટમાં દુખાવાની ફરિયાદ કરતાં સારવાર માટે મોકલાયા હતા

**FSSAIએ** ઘટના અંગે રાજ્યના ફૂડ કમિશનર પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો

નવી દિલ્હીઃ ખાદ્ય સુરક્ષા નિયમનકારએ મંગળવારે ગુજરાતમાં લગ્ન સમારંભમાં 200 થી વધુ લોકોને અસર કરતી શંકાસ્પદ સામૂહિક ફૂડ પોઈઝનિંગ ઘટના અંગે ગુજરાત અધિકારીઓ પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે અને કહ્યું છે કે દોષિતોને સજા કરવામાં આવશે.

સોમવારે રાત્રે ગુજરાતના દાહોદ જિલ્લામાં એક મિજબાનીમાં ખોરાક ખાધા પછી, 200 થી વધુ ગ્રામજનો બીમાર પડ્યા હતા, અને તેમાંથી લગભગ 60 લોકોને શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગને કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ આ ઘટના અંગે રાજ્યના ફૂડ કમિશનર પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે.

કેન્દ્રીય નિયમનકાર ગુજરાત અધિકારીઓને તપાસ માટે નમૂનાઓ એકત્રિત કરવામાં પણ મદદ કરી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ પુરાવા એકત્રિત કર્યા પછી દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મંગળવારે દાહોદના કલેક્ટર યોગેશ નિર્ગુડેએ પીટીઆઈને જણાવ્યું હતું કે, 'દાહોદ જિલ્લાના અભલોદ ગામમાં એક લગ્ન સમારંભમાં રાત્રિભોજન કર્યા પછી 230 જેટલા લોકોએ ઉલટી, ઝાડા અને પેટમાં દુખાવાની ફરિયાદ કરી હતી' હોસ્પિટલમાં દાખલ થયેલા લોકોની હાલત સ્થિર છે. તેમણે જણાવ્યું હતું કે, લગભગ 400 લગ્ન મહેમાનોએ રાત્રે 8 વાગ્યે કેરીના રસ સહિતનું ભોજન લીધું હતું, અને તેમાંથી કેટલાક રાત્રે 11 વાગ્યાની આસપાસ બીમાર પડ્યા હતા. નિર્ગુડેના જણાવ્યા મુજબ, અસરગ્રસ્ત લોકોને પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને ખાનગી હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

# દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે AC સ્પેશિયલ ટ્રેન દોડશે

**ઉનાળુ** વેકેશનને ધ્યાને રાખી નિર્ણય લેવાયો, આ સ્પેશિયલ ટ્રેન કુલ 26 ફેરા કરશે: પશ્ચિમ રેલવે



સુરતઃ ઉનાળાની સીઝનમાં મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે સ્પેશિયલ ભાડા પર વિશેષ ટ્રેન દોડાવશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ટ્રેન નં. 04001/04002 દાદર- હઝરત નિઝામુદ્દીન AC સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ કુલ 26 ફેરા કરશે. ટ્રેન નં. 04001 દાદર - હઝરત નિઝામુદ્દીન સ્પેશિયલ દર ગુરુવારે રાત્રે 00:15 વાગ્યે દાદરથી પ્રસ્થાન કરશે અને તે જ દિવસે સાંજે 21:35 વાગ્યે હઝરત નિઝામુદ્દીન પહોંચશે. આ ટ્રેન 23 એપ્રિલથી 16 જુલાઈ, 2026 સુધી દોડશે. તે જ રીતે ટ્રેન નં. 04002 હઝરત નિઝામુદ્દીન - દાદર સ્પેશિયલ દર મંગળવારે રાત્રે 23:45 વાગ્યે હઝરત નિઝામુદ્દીનથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 22:40 વાગ્યે દાદર પહોંચશે. આ ટ્રેન 21 એપ્રિલથી 14 જુલાઈ, 2026 સુધી દોડશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, સુરત, વડોદરા, રતલામ, કોટા, ગંગાપુર સિટી, મથુરા અને કોશી કલાં સ્ટેશનો પર સ્ટોપ કરશે. ટ્રેનમાં ફર્સ્ટ AC, AC 2-ટિયર અને AC 3-ટિયર કોચ સામેલ રહેશે. ટ્રેન નં. 04001 માટે બુકિંગ 22-04-2026થી તમામ PRS કાઉન્ટર તેમજ IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ગોરાટમાં ભાજપના...

આવતાં વાતાવરણ તંગ થઈ જવા પામ્યું હતું. આ વિસ્તારમાં પહેલેથી જ સ્થાનિકો દ્વારા ભાજપ સહિત તમામ પક્ષનો વિરોધ કરાયો છે અને આજે જ્યારે એક તરફ હનુમાન ચાલીસા ચાલતી હતી અને તે જ સમયે ભાજપના ઉમેદવારો પ્રચાર માટે પહોંચતાં માહોલ ગરમાયો હતો.

ઉમેદવારો અને કાર્યકરોએ સોસાયટીમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરતાં સ્થાનિકોએ ભારે વિરોધ કર્યો હતો અને તેમાં ઉમેદવારો પર હુમલા કરાયાના અને સામે સ્થાનિકો દ્વારા ઉમેદવાર હર્ષ મહેતા દ્વારા ધમકી આપવામાં આવી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

ઘટના એવી બની હતી કે, હાલમાં ચૂંટણીને કારણે આજે ધારાસભ્ય પૂર્ણેશ મોદી, પૂર્વ મેયર હેમાલી બોઘાવાલા અને ભાજપના ઉમેદવારો વૈશાલી શાહ, હર્ષ મહેતા, અલ્પા મહેતા, પરિમલ ચાસીયા સહિત કાર્યકરો ગોરાટ વિસ્તારમાં પ્રચાર માટે ગયા હતા. ગોરાટ વિસ્તારમાં પહેલેથી જ અશાંતધારાના મામલે સ્થાનિકો દ્વારા વિરોધ કરાયો છે. આજે પણ સ્થાનિકો દ્વારા હનુમાન ચાલીસા કરવામાં આવતાં હતા. આ સમયે પ્રચાર માટે આવેલા ઉમેદવારો અને આગેવાનો દ્વારા ગોરાટ મંદિરમાં દર્શન કરવામાં આવ્યા ત્યાં સુધી કશું થયું નહોતું પરંતુ જેવા તેઓ પ્રચાર માટે સોસા.માં પ્રવેશ કર્યા કે તુરંત સ્થાનિકો દ્વારા તેમનો વિરોધ શરૂ કરી દેવામાં આવ્યો હતો.

### હરીફ ઉમેદવારની ચડવણીથી અમારી પર હુમલો કરાયો, અમને ઈજાઓ થઈ છે: ભાજપના ઉમેદવારો

ઘટના અંગે ભાજપના ઉમેદવારો દ્વારા એવા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે કેટલાક તોફાની તત્વો દ્વારા અમારી પર હુમલો કરવામાં આવ્યો અને અમને લાકડીથી મારવામાં પણ આવ્યા. હરીફ ઉમેદવાર દ્વારા જ સ્થાનિકોને ઉશ્કેરવામાં આવ્યા હતા અને તેને કારણે કેટલાક તોફાનીઓ દ્વારા લાકડીથી અમારી પર હુમલો કરાયો હતો. જેમાં ઉમેદવારોને પણ ઈજા પહોંચી હતી. લીલાવિહાર સોસા.માં ઉમેદવાર ખુદ જ રહે છે ત્યાં પણ અટકાવવાનો પ્રયાસ કરાયો હતો. જે ચડવણીથી જ કરાયો હતો.

### હેમાલી બોઘાવાલાને...

પ્રયાસ કરાયો હતો પરંતુ સ્થાનિકો સમજ્યા નહોતા. ઘટના અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ પણ પહોંચી ગઈ હતી. પોલીસની હાજરીમાં પણ બંને પક્ષો વચ્ચે ગરમાગરમી ચાલી હતી. જોકે, બાદમાં ધારાસભ્ય પૂર્ણેશ મોદી અને હેમાલી બોઘાવાલા સહિત ઉમેદવારો અને કાર્યકરો જતાં રહેતા મામલો શાંત પડ્યો હતો.

### હર્ષ મહેતાના...

મહિલાઓનું કહેવું છે કે ભાજપના પુરુષ કાર્યકર્તાઓએ તેમની સાથે અભદ્ર વર્તન કર્યું અને માર માર્યો, જેના કારણે તેમના કપડાં પણ ફાટી ગયા હતા. દુપટ્ટા ખેંચવાના પણ પ્રયાસો કરાયા હતા. મહિલાઓ દ્વારા એવો પણ આક્ષેપ કરાયો હતો કે, હર્ષ મહેતાના સમર્થકો દ્વારા બાઈક રેલી કઢાઈ હતી અને તેજ બાઈક સ્થાનિકો પર ચડાવી દેવાનો પ્રયાસ કરાયો હતો. હર્ષ મહેતાએ 'અમે ગાર્ડન ગ્રુપના છીએ, ગમે ત્યાં રાજ કરીશું' તેવી ધમકીઓ આપી હોવાના આક્ષેપો કરાયા હતા. ઉપરાંત ભાજપના પુરુષ કાર્યકર્તાઓએ મહિલાઓ પર હુમલો કર્યો હતો. ધક્કામુક્કી દરમિયાન કેટલીક બહેનોને નખ મારવામાં આવ્યા હતા અને શારીરિક ઈજાઓ પહોંચાડવામાં આવી હતી તેવા આક્ષેપો પણ કરાયા હતા. સ્થાનિકોએ ત્યાં સુધી રોષ ઠાલવ્યો હતો કે, હર્ષ મહેતાની ટિકીટ ભાજપ કેન્સલ નહી કરે તો આ એરીયામાં મતદાન કરવા દેશું નહી. ઉલ્લેખનીય છે કે, ગાર્ડન ગ્રુપના નામે ચરી ખાતાં હર્ષ મહેતાના અગાઉ પણ અનેક વિવાદ બહાર આવ્યા છે. થોડા દિવસો પહેલા જ વોર્ડ નં. 11ના ભાજપના કાર્યાલય પર ભોજન મુદ્દે થયેલા વિવાદમાં પણ હર્ષ મહેતાના સમર્થકોના વર્તનને લઈ માથાકૂટ થઈ હતી.

### સ્થાનિકોના 'ગો...

થતાં મામલો તંગ થઈ ગયો હતો. ભાજપના ઉમેદવારો જે જે સોસા.માં જતાં હતાં ત્યાં સ્થાનિકો દ્વારા સોસા.નો ગેટ બંધ કરી દેવામાં આવતો હતો. પરંતુ લીલા વિહાર સોસા.માં ઉમેદવાર પરિમલ ચાસીયાનું ઘર હોવાથી ઉમેદવારો અને આગેવાનો આ સોસા.માં પ્રવેશ્યાં તો ત્યાં પણ સ્થાનિકો દ્વારા ગેટ બંધ કરવામાં આવ્યો હતો. જેને કારણે ઉમેદવારો અને કાર્યકરોમાં પણ રોષ છવાતાં બંને પક્ષો વચ્ચે છૂટાહાથની મારામારી અને ધક્કામુક્કી થઈ હતી.

### નિરાજ પાર્ટાણી...

સમગ્ર ગુજરાતમાં નંબર ૧ પ્રાપ્ત કરી સુરતનું નામ રોશન કર્યું છે. આ સિવાય સુરતના નિરાજ પાર્ટાણીએ JEE મેઇન્સ 2026માં 99.99 પીઆર સાથે AIR-111 અને સુરતમાં પ્રથમ ક્રમ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે.

આ સફળતા પાછળ વિદ્યાર્થીઓની લગન અને માતા-પિતાનો વિશ્વાસ પણ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. તમામ સંસ્થાના સંચાલકો અને શિક્ષકમંડળે તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

### સાતત્ય, આત્મવિશ્વાસ...

કરવાની સલાહ આપે છે. માનસિક તણાવ સંભાળવા માટે તેઓ રોજ ધ્યાન કરે છે અને શાંત મન રાખે છે. તેમણે ખાસ ભાર મૂક્યો કે NCERT પુસ્તકોનું મહત્ત્વ અવગણવું નહીં જોઈએ.

### મંગળવારે બધું...

ખડેપગે રહ્યો હતો. રેલવે પ્રોટેક્શન ફોર્સ અને ગવર્નમેન્ટ રેલવે પોલીસના જવાનોએ હોલ્ડિંગ એરિયાથી લઈને ટ્રેનના દરવાજા સુધી સતત મોનિટરિંગ કર્યું હતું. જેને કારણે આજે કોઈ જ અંધાધૂંધી ફેલાઈ ન હતી. રેલ પ્રશાસનનાં જણાવ્યાં મુજબ આજે ચાર વિશેષ ટ્રેનો મારફતે ૯૦૦૦થી વધુ મુસાફરોને તેમના વતન મોકલવામાં આવ્યા હતાં.

### LPGની અછતથી...

માટે પરિસ્થિતિ સંકટજનક બની છે.

હાલ એલપીજી ગેસ પર અંદાજે 25 ટકા જેટલો કાપ ચાલુ હોવાનું ડીલરો જણાવી રહ્યા છે. શહેરમાં પીએનજી અને એલપીજી ગેસ સાથે સંકળાયેલા ડીલરો મુજબ સુરતના ઉદ્યોગોમાં પ્રવાસી શ્રમિકોની મોટી સંખ્યા કામ કરે છે. ગયા એક મહિના દરમિયાન ગેસની અછત અને કાળા બજારને કારણે અનેક શ્રમિકોએ પોતાના વતનની વાટ પકડી લીધી હતી, જેના કારણે ઉદ્યોગો અને નાના ધંધાઓ પર પણ અસર પડી હતી. પરંતુ 1 એપ્રિલથી પીએનજી ગેસના પુરવઠામાં સુધારો નોંધાતા સ્થિતિમાં થોડો સુધારો આવ્યો છે. હાલ શ્રમિકોને 5 કિલોના રાંધણ ગેસ સિલિન્ડર તથા નિયમિત ગેસ બોટલ કેવાઈસીની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ બે દિવસની અંદર મળી રહી છે, જેનાથી સામાન્ય વપરાશકારોને થોડી રાહત મળી છે. તેમ છતાં ખાણી-પીણીના નાના વ્યવસાયીઓ માટે સમસ્યા હજુ પણ યથાવત છે.

ગેસના ઊંચા ભાવ અને અછતને કારણે તેમની રોજિંદી આવક પર સીધી અસર પડી રહી છે. ઘણા વેપારીઓએ તો હજુ પણ પોતાનો ધંધો બંધ રાખવાના નિર્ણય પર યથાવત છે.

### ભજીયા સેન્ટર એક મહિનાથી બંધ

કતારગામ મેઈન રોડ પર ભજીયા સેન્ટર ચલાવતા સંજય સોલંકીએ જણાવ્યું હતું કે તેઓ પાસે એલપીજી ગેસનું કોઈ વિકલ્પ નથી બચ્યું, તેથી છેલ્લા એક મહિનાથી પોતાનું સેન્ટર બંધ રાખવા મજબૂર બન્યા છે. તેલને સતત ઉકળતુ રાખવા માટે ગેસ અનિવાર્ય બન્યો છે. ગેસના અભાવે અશક્ય બની ગયું હતું. ખર્ચ વધતો ગયો અને આવક બંધ થઈ ગઈ. હવે ગેસ પુરવઠો નિયમિત થાય ત્યારબાદ જ ફરી શરૂ કરી શકીશું," એમ તેમણે જણાવ્યું હતું.

### ફાસ્ટફૂડ લારી...

ચાલુ રાખવી શક્ય નહોતી. હાલ મેં અન્ય વ્યવસાયમાં જોડાઈ ગયો છું. પરિસ્થિતિ સંપૂર્ણ સુધરે અને ગેસ સરળતાથી મળે ત્યારબાદ ફરી લારી શરૂ કરવાનો વિચાર છે.

### સુરતમાં આગાહી...

ઠંડકવાળા સ્થળોએ આશરો લેતા જોવા મળ્યા હતા. હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી હોવા છતાં આજનો તડકો ખાસ્સો આકરો રહ્યો હતો. જોકે આગામી દિવસોમાં શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાઈ શકે છે. ગરમીના વધતા પ્રકોપ વચ્ચે તબીબો દ્વારા ખાસ કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે. દિવસ દરમિયાન અનાવશ્યક બહાર નીકળવાનું ટાળવું, પૂરતું પાણી પીવું અને સીધા તડકામાં લાંબા સમય સુધી ન રહેવું જેવી સલાહ આપવામાં આવી રહી છે.

### રાજ્યમાં હીટવેવ...

અને રાજકોટમાં ગરમીનો પારો 41 ડિગ્રી સુધી પહોંચ્યો હતો, જ્યારે સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી નોંધાયું હતું. ભાવનગરમાં 37 ડિગ્રી, પોરબંદરમાં 34 ડિગ્રી અને મહુવામાં 36 ડિગ્રી તાપમાન રહ્યું હતું. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ ગરમીનો જોર યથાવત રહ્યો છે. અમદાવાદ, ગાંધીનગર, ડીસા અને વડોદરામાં 40 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે વલ્લભ વિદ્યાનગરમાં 39 ડિગ્રી રહ્યું હતું. સુરતમાં 37 ડિગ્રી અને દમણમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલ રાજ્યમાં નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવન ફુંકાઈ રહ્યા છે, જેના કારણે ગરમીમાં વધારો અનુભવાઈ રહ્યો છે. આગામી ત્રણ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને 24 અને 25 એપ્રિલ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળા હવામાનને કારણે અસહજ પરિસ્થિતિ સર્જાવાની શક્યતા છે.

### સુરતમાં દોડી...

વ્હીલની ડિઝાઈન સાથે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં ફ્રન્ટ વ્હીલમાં સેન્સર આધારિત સિસ્ટમ, 48 વોલ્ટની લિથિયમ બેટરી અને હબ મોટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. પ્રોગ્રામિંગ અને કોડિંગ દ્વારા કમાન્ડ આપવામાં આવે ત્યારે આ સાઈકલ આપમેળે ચાલવા લાગે છે. આ પ્રોજેક્ટમાં શિવમ મૌર્યને તેમના સાથી ગુરપ્રીત અરોડાનો પણ સહયોગ મળ્યો છે.

બંનેએ મળીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને એન્જિનિયરિંગનો ઉપયોગ કરીને એવી સિસ્ટમ તૈયાર કરી છે, જે રસ્તાઓને ઓળખી શકે છે અને આગળ-પાછળ (ફ્રન્ટ અને રિવર્સ રોટેશન) બંને દિશામાં સરળતાથી ગતિ કરી શકે છે. સાયકલનું ખાસ આકર્ષણ તેનું એનિમેટેડ પેડલિંગ મિકેનિઝમ છે, જે તેને માનવીય ટચ આપે છે અને તેને વધુ જીવંત બનાવે છે. આ સાઈકલમાં ટ્રિપલ કંટ્રોલ મોડ પણ આપવામાં આવ્યો છે. યુઝર તેને મોબાઈલ એપ, રિમોટ કંટ્રોલ અથવા એઆઈ આધારિત ઓટોમેટિક મેપિંગ દ્વારા ચલાવી શકે છે. સોમવારની રાત્રે સુરત શહેરના રસ્તાઓ પર આ "ઘોસ્ટ સાયકલ"નું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું, જ્યાં મોટી સંખ્યામાં લોકો તેને જોવા ઉમટી પડ્યા હતા. આ અનોખી સાઈકલને જોઈને લોકોમાં "ઘોસ્ટ રાઈડિંગ" જેવી અનોખી અનુભૂતિ થઈ હતી. શિવમ મૌર્યનું માનવું છે કે આવી ટેક્નોલોજી ભવિષ્યમાં કોન્ટેક્ટલેસ ડિલિવરી, કેમ્પસ સિક્યુરિટી અને પ્રદૂષણમુક્ત પરિવહન માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે.

### સુરતીઓની...

વાહનચાલકોની સુવિધા માટે સબરસ ગરનાળાને ફરીથી ખુલ્લું મૂકવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નવા આદેશ મુજબ, હવે ટુ-વ્હિલર, થ્રી-વ્હિલર (રિક્ષા) અને ફોર-વ્હિલર (કાર) જેવા નાના વાહનો સબરસ ગરનાળામાંથી પસાર થઈ શકશે. સબરસ ગરનાળુ ખુલ્લું થવાથી અત્યાર સુધી જે ટ્રાફિક આયુર્વેદિક ગરનાળા પર કેન્દ્રિત હતો તે હવે વિભાજિત થશે, જેના કારણે પોદ્દાર આર્કેડ, સ્ટેશન મેઈન રોડ અને સહારા દરવાજા જંક્શન પર ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે. સ્ટેશનના આધુનિકીકરણની કામગીરી વચ્ચે ટ્રાફિક પોલીસનો આ નિર્ણય વરાછા અને સહારા દરવાજાથી સ્ટેશન તરફ આવતા હજારો વાહનચાલકો માટે રાહત થશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### આજે ઇરાન-અમેરિકા...

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો સમયસીમા પહેલા સમજૂતી નહીં થાય તો ઘણા બધા બોમ્બ પડવાના શરૂ થશે, જ્યારે ઈરાનના મુખ્ય વાટાઘાટકારે કહ્યું છે કે તેહરાન પાસે યુદ્ધના મેદાનમાં નવા પત્તા છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. ટ્રમ્પે ઈરાનના વખાણ પણ કર્યા હતા કે તે ફરીથી મહાન બની શકે છે અને તેના મહાન લોકો છે, સાથે જ ચેતવણી આપી હતી કે જો તે કરાર નહીં કરે તો સંજોગોનો સામનો કરશે. હવે સમય નથી એમ કહેતા ટ્રમ્પે વાટાઘાટો સફળ નહીં થાય તો યુદ્ધવિરામ નહીં લંબાવવાનો સંકેત આપી દીધો હતો.

જો વાટાઘાટો ફરી શરૂ થાય તો યુદ્ધવિરામ લંબાવવામાં આવે તેવી શક્યતા છે. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ જણાવ્યું છે કે વેન્સ અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે, પરંતુ ઈરાને હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે તેઓ કોને મોકલશે. મંગળવારે ઈરાની સ્ટેટ ટીવીએ એક સંદેશ પ્રસારિત કર્યો હતો કે ઈરાનનું કોઈ પ્રતિનિધિમંડળ હજુ સુધી ઈસ્લામાબાદ પહોંચ્યું નથી. ઈરાની સરકારી ટીવી પર લાંબા સમયથી કટ્ટરપંથીઓનું વર્ચસ્વ રહ્યું છે, અને આ સૂચના ઈરાની શાસનતંત્રની આંતરિક ખેંચતાણને પ્રતિબિંબિત કરે છે, જે હાલમાં વીકએન્ડ દરમિયાન અમેરિકી નૌકાદળ દ્વારા ઈરાની કન્ટેનર જહાજને જપ્ત કરવાના મામલે પ્રતિભાવ આપવા પર વિચાર કરી રહ્યું છે. પાકિસ્તાનના માહિતી મંત્રી અતા તરારે જણાવ્યુ હતું કે હજી સુધી ઈરાન તરફથી કોઈ પ્રતિભાવ મળ્યો નથી.

### યુદ્ધવિરામ લંબાવાય...

મંગળવારે અમેરિકા અને ઈરાનના દૂતો સાથે મુલાકાત કરી હતી અને શાંતિ વાટાઘાટોને લગતી બાબતો પર ચર્ચા કરી હતી. અલગથી, પાકિસ્તાનમાં ચીનના રાજદૂત જિઆંગ ઝેડોંગે ડાર સાથે મુલાકાત કરી અને તાજેતરના પ્રાદેશિક વિકાસ અંગે ચર્ચા કરી હતી, એમ વિદેશ કાર્યાલયે જણાવ્યું હતું. જિઆંગે પ્રદેશમાં અને તે સિવાયના વિસ્તારોમાં ટકાઉ શાંતિ અને સ્થિરતા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે સંવાદની સુવિધા માટે પાકિસ્તાનના સતત પ્રયાસો પ્રત્યે ચીનનો સંપૂર્ણ ટેકો અને પ્રશંસા વ્યક્ત કરી હતી.

### હોર્મુઝની સામુદ્રધુની...

30 ટકા વધુ છે. યુદ્ધ શરૂ થતા પહેલા હોર્મુઝની સામુદ્રધુની આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે સંપૂર્ણ રીતે ખુલ્લી હતી, અને ટ્રમ્પે માંગ કરી છે કે જહાજોને ફરીથી આ જળમાર્ગ દ્વારા અવરોધ વિના પસાર થવા દેવામાં આવે.

### પાકિસ્તાનને વાટાઘાટો...

રસ્તાઓ પર પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. ઈસ્લામાબાદ સ્થિત સુરક્ષા વિશ્લેષક સૈયદ મોહમ્મદ અલીએ જણાવ્યું હતું કે, આ વ્યવસ્થાઓ 11 અને 12 એપ્રિલે યોજાયેલા પ્રથમ રાઉન્ડ કરતા વધુ કડક જણાય છે, જે સૂચવે છે કે જો વાટાઘાટોમાં પ્રગતિ થાય તો ઉચ્ચ સ્તરીય નેતાઓની ભાગીદારી થઈ શકે છે.

### આખા વીડિયો...

સમયગાળા દરમિયાન આવા લેબલનું સતત અને સ્પષ્ટ પ્રદર્શન સુનિશ્ચિત કરે છે' તેવા શબ્દો અને વિરામચિહ્નો બદલવામાં આવશે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે તે જાહેર પરામર્શ માટે આ વધારાના સુધારાઓ મૂકી રહ્યું છે જેથી હિતધારકોને અગાઉના ડ્રાફ્ટ સુધારાઓની સાથે આ નવા ફેરફારોની તપાસ કરવાની અને તેના પર પ્રતિસાદ આપવાની તક મળી શકે.

### ન્યૂઝીલેન્ડમાં ભારે...

જાગી ગયા હતા. તેમણે અખબારને જણાવ્યું કે, "અચાનક, થોડી સેકન્ડો પછી, મેં જોયું કે દિવાલમાં તિરાડો પડી રહી છે અને આખી દિવાલ તૂટી પડી.

### આજે પહેલગામ...

આ એક વર્ષ અત્યંત પીડાદાયક રહ્યું છે. કોચીના આરતી મેનન, જેમણે પોતાની નજર સામે પિતા રામચંદ્રનને ગુમાવ્યા હતા, તેઓ હજુ પણ વાત કરવાની સ્થિતિમાં નથી. તેવી જ રીતે, હનીમૂન પર ગયેલા નૌકાદળના અધિકારી લેફ્ટનન્ટ વિનય નરવાલની હત્યા બાદ તેમનો પરિવાર ઊંડા શોકમાં છે. મહારાષ્ટ્રના સંતોષ જગદાલે અને કર્ણાટકના મંજુનાથ રાવના પરિવારોએ પણ જણાવ્યું કે ગોળીબારના તે દ્રશ્યો આજે પણ તેમને ડરાવે છે અને ફટાકડાના અવાજથી પણ તેઓ ફફડી ઉઠે છે. આ દુર્ઘટનાની યાદમાં લિડર નદીના કિનારે એક સ્મારક બનાવવામાં આવ્યું છે. બીજી બાજુ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ હુમલામાં શહીદ થયેલા સ્થાનિક ઘોડેસવાર આદિલ શાહના પરિવારને નવું મકાન સોંપ્યું હતું. વરસી નિમિત્તે પહેલગામમાં સુરક્ષા વ્યવસ્થા સખત કરી દેવામાં આવી છે અને શાંતિપૂર્ણ રીતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાય તે માટે વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે.

### દિલ્હી ડાયરી...

નેતાઓનો આભાર માન્યો હતો.

### મંદિર મુક્તિઃ મોદી સરકાર અને સંઘના સંગઠનો આમને-સામને

સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી શબરીમાલા કેસની સુનાવણીએ ભગવા છાવણીની અંદરના જ મતભેદોને સપાટી પર લાવી દીધા છે, અને તે પણ એવા મુદ્દે જે તેમના સમર્થકોના હૃદયની ખૂબ નજીક છે: મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતના અધ્યક્ષપદ હેઠળની નવ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ ભાજપ શાસિત કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતો નરેન્દ્ર મોદી સરકારની મંદિરો પરનું સંપૂર્ણ નિયંત્રણ શ્રદ્ધાળુઓને સોંપવાની અનિચ્છા દર્શાવે છે - જે બાબત માટે ભાજપ વારંવાર વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યો પર આરોપ લગાવતો આવ્યો છે. કેન્દ્રના આ વલણનો વિરોધ કરનારાઓમાં 'આરએસએસ પ્રેરિત' કેરળ ક્ષેત્ર સંરક્ષણ સમિતિ સહિત અનેક હિન્દુ સંગઠનોનો સમાવેશ થાય છે.

આ બેન્ચમાં જસ્ટિસ બી.વી. નાગરથના, એમ.એમ. સુંદરેશ, અહસાનુદ્દીન અમાનુલ્લાહ, અરવિંદ કુમાર, ઓગસ્ટિન જ્યોર્જ મસીહ, પ્રસન્ના બી. વરાલે, આર. મહાદેવન અને જોયમાલ્ય બાગચીનો પણ સમાવેશ થાય છે. આ બેન્ચ 2018ના સુપ્રીમ કોર્ટના એ ચુકાદાની સમીક્ષા કરતી અરજીઓમાંથી ઉદ્ભવતા સાત બંધારણીય પ્રશ્નોની તપાસ કરી રહી છે, જે ચુકાદાએ કેરળના પર્વત પર આવેલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધોને હટાવી દીધા હતા.

બેન્ચ સમક્ષ રહેલા મુખ્ય પ્રશ્નોમાંથી એક 'બંધારણની કલમ 25 હેઠળ વ્યક્તિઓના અધિકારો અને કલમ 26 હેઠળ ધાર્મિક સંપ્રદાયોના અધિકારો વચ્ચેનો પરસ્પર સંબંધ' છે. આ સંદર્ભે ધર્મ, ધાર્મિક સંપ્રદાયો અને સરકાર વચ્ચેના સંબંધો સાથે વ્યવહાર કરવા માટેના બંધારણીય માળખાની મર્યાદાઓનું પરીક્ષણ કરી રહ્યો છે.

### સિએટલમાં એમેઝોન હેડક્વાર્ટર પાસે સ્વામી વિવેકાનંદની પ્રતિમાની સ્થાપના

અમેરિકાના સિએટલ શહેરમાં એમેઝોન હેડક્વાર્ટરથી માત્ર થોડા જ મીટરના અંતરે સ્વામી વિવેકાનંદની એક આદમકદ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમા એવા શહેરમાં એક નવું સાંસ્કૃતિક સીમાચિહ્ન બનશે જે મોટી સંખ્યામાં ભારતીય ટેકીઓ (આઈટી પ્રોફેશનલ્સ)નું ઘર છે. વાસ્તવમાં, આવી પ્રતિમાને સ્થાપિત કરનારું આ અમેરિકાનું પ્રથમ શહેર છે. ભારતના સાંસ્કૃતિક પ્રસારના પ્રયાસોના ભાગરૂપે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ (આઈસીસીઆર) દ્વારા આ કાંસ્ય પ્રતિમા ભેટમાં આપવામાં આવી છે.આ અગાઉ ઓગસ્ટ 2025માં, સિએટલના 605 ફૂટ ઊંચા પ્રસિદ્ધ લેન્ડમાર્ક 'સ્પેસ નીડલ' પર ભારતનો તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.